માછીમારો માટેની કલ્યાણકારી આવાસ યોજના ૫૦ % કેન્દ્ર પુરસ્કૃત યોજના, (૦૬- ૨૪૦૫-૮૦૦-૦૨) ને વર્ષ ૨૦૧૯-૨૦ માં રૂ.૧૨૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:એફડીવી/૧૨૨૦૧૮/ચા.બા.-૧૦૮૯/ટ
સચિવાલય, ગાંધીનગર
તા: ૦૨/૦૬/૧૯

વંચાણે લીધા:-

(૧) કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: એફડીવી/૧૨૨૦૧૭/૧૧૮૮/ટ, તા: ૦૯/૦૪/૨૦૧૮

(૨) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: ગુમ/વસલ-૩/૬૮૦/૨૦૧૮-૧૯, તા: ૧૬/૧૨/૨૦૧૯

(૩) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: ગુમ/થ-૩/૭૨૪/૨૦૧૮-૧૯/૯૫૪, તા: ૧૪/૦૩/૨૦૧૮

ઠરાવ:

વંચાણે લીધેલ ક્રમ-(૧) સામે દર્શાવેલ વિભાગના ઠરાવથી " માછીમારો માટેની કલ્યાણકારી આવાસ યોજના, ૫૦ % કેન્દ્ર પુરસ્કૃત યોજના " માંગણી ક્રમાંક: ૦૬-૨૪૦૫-૮૦૦-૦૨, હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં રૂ.૧૨૦.૦૦ લાખની જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ-(૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રથી "માછીમારો માટેની કલ્યાણકારી આવાસ યોજના, ૫૦ % કેન્દ્ર પુરસ્કૃત યોજના" માંગણી ક્રમાંક: ૦૬-૨૪૦૫-૮૦૦-૦૨, હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં ચાલુ બાબત મહેસૂલી સદર (સામાન્ય) હેઠળ રૂ. ૧૨૦.૦૦ લાખની જોગવાઇ કરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જે અન્વયે નાણા વિભાગ વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં દ્વારા રૂ. ૧૨૦.૦૦ લાખની અંદાજની જોગવાઇ કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-(૩) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રથી "માછીમારો માટેની કલ્યાણકારી આવાસ યોજના, ૫૦ % કેન્દ્ર પુરસ્કૃત યોજના" માંગણી ક્રમાંક: ૦૬-૨૪૦૫-૮૦૦-૦૨, હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં ચાલુ બાબત મહેસૂલી સદર હેઠળ રૂ. ૧૨૦.૦૦ લાખની અંદાજની જોગવાઇને વહીવટી મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાને અંતે, "માછીમારો માટેની કલ્યાણકારી આવાસ યોજના, ૫૦ % કેન્દ્ર પુરસ્કૃત યોજના" ને (માંગણી ક્રમાંકઃ ૦૬-૨૪૦૫-૮૦૦-૦૨) વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં ચાલુ બાબત મહેસૂલી સદર હેઠળ રૂ. ૧૨૦.૦૦ લાખના અંદાજની જોગવાઇને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) સને ૨૦૧૯-૨૦ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ -૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા; ૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઇ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ/સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૭) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ જગ્યાઓની મંજૂરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજૂરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૯) વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજૂર થયેલ લેખાનુદાન જોગવાઇ અને તેને અનુલક્ષીને નાણા વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ તા: ૦૧/૦૪/૨૦૧૯થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે કરવાનો રહેશે.

માંગણી નં.- ૦૬

મુખ્ય સદર – ૨૪૦૫- મત્સ્યોદ્યોગ

ગૌણ સદર- ૮૦૦- અન્ય ખર્ચ

પેટા સદર – (૦૨) એફએસએચ-૧૩ માછીમારો માટેની કલ્યાણકારી યોજના પેટે નાણાકીય સહાય(આવાસ) (૫૦ %કે.પુ.યો)

યોજના નો નંબર ૫૧૦૪૧૬

હેડ ચાર્જેબલ ૨૪૦૫ ૦૦ ૮૦૦ ૦૨

વિગતવાર સદર ૩૩૫૫ સહાયકી (ગ) અન્યને

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રી(કૃષિ)ની તા. ૧૫/૦૪/૨૦૧૯ની નોંધ તથા સચિવશ્રી (મત્સ્યોદ્યોગ)ની તા: ૧૬/૦૪/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

૦૨/૦૫/૧૯

(સ્મિતા અધ્વર્યુ)

ઉપસચિવ

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

(૩) સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ)ના રહસ્ય સચિવશ્રી, ગાંધીનગર

(૪) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) ઉપ મહાલેખાકારશ્રી(ઇએસ-૧) એકાઉન્ટટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૭) એકાઉન્ટટ જનરલશ્રીની કચેરી, રાજકોટ

(૮) બજેટ શાખા/આયોજન શાખા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર , આઇ.ટી શાખા

(૯) નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર

(૧૦)પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.

(૧૧) સીલેકટ ફાઇલ.